# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2024** **Midday : 1.20 to 1.30pm**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************

✓ 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24મી જૂને, અને રાજ્યસભાના સત્રની 27મી જૂનથી શરૂઆત થશે

✓ આન્ધ્રપ્રદેશના મુખ્યંમંત્રી તરીકે એન. ચંદ્રબાબુ નાયડુએ શપથ ગ્રહણ કર્યા – શપથવિધિ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા

✓ આગામી ત્રણ વર્ષ દરમિયાન ભારતનો વિકાસદર 6.7 ટકા રહે તેવું વિશ્વબેંકનું અનુમાન..

✓ આગામી ચાર દિવસમાં દેશના ઉત્તરીય ભાગોમાં ગરમીનું મોજું, જ્યારે અન્ય ઘણા ખરાં ભાગોમાં વરસાદની આગાહી

✓ ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને અમિરકા વચ્ચે મુકાબલો

*****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARLIAMENT SESSION

18મી લોકસભાનું પ્રથમ સત્ર આગામી 24 જૂનથી 3 જુલાઈ સુધી યોજાશે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધિ, અધ્યક્ષની ચૂંટણી, રાષ્ટ્રપતિનું સંબોધન અને ચર્ચા થશે.

તો આ તરફ રાજ્યસભાનું 264મું સત્ર આગામી 27 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.

કેન્દ્રિય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોની મહાત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા અને ચર્ચા કરવા સંસદ એક આદર્શ મંચ છે.

---------------------------

# NAYDU CM

તેલુગુ દેશમ પાર્ટીના વડા નારા ચંદ્રબાબુ નાયડુ આન્ધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી બન્યા છે. કૃષ્ણા જિલ્લાના કેસરાપલ્લી આઈટી પાર્કમાં સવારે 11:27 વાગ્યે રાજ્યપાલ એસ અબ્દુલ નઝીરે તેમને શપથ લેવડાવ્યા હતા. તેમની સાથે જનસેના પાર્ટીના ત્રણ અને ભારતીય જનતા પાર્ટીના એક સહિત 24 મંત્રીઓએ શપથ લીધા હતા. શપથ લેનારા નામોમાં જનસેના પાર્ટીના વડા કે પવન કલ્યાણ, TDP મહાસચિવ નારા લોકેશ અને વરિષ્ઠ ભાજપના નેતા સત્ય કુમાર યાદવનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કેન્દ્રીય આરોગ્યમંત્રી અને ભાજપ પક્ષના અધ્યક્ષ જેપી નડ્ડા, કેન્દ્રીય માર્ગ પરિવહનમંત્રી અને વરિષ્ઠ ભાજપના

નેતા નીતિન ગડકરી, કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી કિશન રેડ્ડી, કેન્દ્રીયમંત્રીઓ અને NDA સાથી પક્ષોનો સમાવેશ થાય છે. રાજનેતાઓ, દક્ષિણ ભારતના અભિનેતાઓ અને દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સના રાજદ્વારીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# ODISHA-NEW CM

ભાજપના વરિષ્ઠ નેતા મોહન ચરણ માઝી ઓડિશાના નવા મુખ્યમંત્રી બનશે. . આજે સાંજે ભુવનેશ્વરના જનતા મેદાનમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રીઓ જુઅલ ઓરમ, અશ્વિની વૈષ્ણવ અને અનેક ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ આ સમારોહમાં હાજરી આપશે.

ભાજપના ધારાસભ્ય દળે સર્વસંમતિથી બે કેન્દ્રીય નિરીક્ષકો, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને ભૂપેન્દ્ર યાદવની હાજરીમાં 52 વર્ષીય માઝીને તેમના નેતા તરીકે ચૂંટ્યા હતા..શ્રી માઝી ઓડિશાના કેઓંઝરથી ચાર વખત ધારાસભ્ય છે. તેઓ 2000, 2004, 2019 અને 2024 માં ઓડિશા વિધાનસભા માટે ચૂંટાયા હતા. મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા પછી, શ્રી માઝીએ કહ્યું કે તેમની સરકાર રાજ્યના લોકોની અપેક્ષાઓ પૂરી કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરશે.. ભાજપે કનક વર્ધન સિંહ દેવ અને પ્રવતી પરિદા એમ બે નાયબ મુખ્ય મંત્રી રાખવાનો પણ નિર્ણય કર્યો છે. શ્રી સિંહ દેવ છ વખત ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી છે અને પટનાગઢ વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે સુશ્રી પરિદા નિમાપારા વિધાનસભા મત વિસ્તારનું પ્રથમ વખત પ્રતિનિધિત્વ કરે છે.

# ARUNACHAL OBSEROR

ભાજપ સંસદીય બોર્ડે રવિશંકર પ્રસાદ અને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને અરુણાચલ પ્રદેશના કેન્દ્રીય નિરીક્ષકોની જવાબદારી સોંપી છે..આ બંને નેતાઓની ઉપસ્થિતિમાં વિધાયક દળના નેતાની પસંદગી કરવામાં આવશે. બંને નિરીક્ષકો આજે બપોરે ઇટાનગર પહોંચશે અને નવા મુખ્યમંત્રીના નામ માટે સર્વસંમતિ સાધવા માટે ભાજપના ધારાસભ્યો સાથે બેઠક કરશે. ગુરુવારે નવા મુખ્યમંત્રી અને તેમની મંત્રી પરિષદનો શપથ ગ્રહણ સમારોહ યોજાય તેવી શક્યતા છે.

60 સભ્યોના ગૃહમાં ભાજપે 46 બેઠકો મેળવીને હાલમાં જ પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં જંગી જીત મેળવી છે.

# UNION MINISTERS CHARGE

વિવિધ કેન્દ્રિય મંત્રીઓએ આજે પોતપોતાના મંત્રાલયનો કાર્યભાર સંભાળી લીધો છે.

શ્રી નીતિન ગડકરીએ આજે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. આ પ્રસંગે શ્રી ગડકરીએ મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં જવાબદારી સોંપવા બદલ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી ગડકરીએ કહ્યું કે, શ્રી મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારત વિશ્વસ્તરના અને આધુનિક પાયાના ઢાંચાથી મજબૂત બનશે.

શ્રી અજય ટમટા અને શ્રી હર્ષ મલ્હોત્રાએ માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

નિર્મલા સીતારામને આજે નવી દિલ્હી ખાતે કેન્દ્રિય નાણા અને કૉર્પોરેટ કાર્ય મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો. તેમણે કેન્દ્રિય નાણા અને કૉર્પોરેટ કાર્ય મંત્રી તરીકે ફરી એક વાર તક આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. સુશ્રી સીતારામને કહ્યું કે, શ્રી મોદીએ છેલ્લા 10 વર્ષમાં મજબૂત નેતૃત્વમા વિવિધ ક્ષેત્રમાં મોટા પરિવર્તન આવ્યા છે. તેમ જ ભારત એક મજબૂત અર્થવ્યવસ્થા બન્યું છે.

સુશ્રી સીતારામને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવા જવાબદાર નીતિનિર્માણ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# WORLD BANK-GDP

વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ મુજબ, ભારત આગામી ત્રણ નાણાકીય વર્ષમાં 6.7 ટકાના સ્થિર વૃદ્ધિદર સાથે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે, તેવું અનુમાન જાહેર કર્યું છે. આ વૃદ્ધિ સ્થાનિક માગ, વધેલા રોકાણ અને સેવા ક્ષેત્રને લગતી પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરિત છે.

વૈશ્વિક આર્થિક સંભાવના રિપોર્ટમાં, વિશ્વ બેંકે નાણાકીય વર્ષ 2024-25માં ભારત માટે 6.6 ટકા વૃદ્ધિની સંભાવના દર્શાવી છે.

અગાઉ, આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ - I.M.F.એ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતની વૃદ્ધિનું અનુમાન 6.5 ટકાથી વધારી 6.8 ટકા કર્યું હતું.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા જમ્મુ વિભાગ અને દિલ્હી સહિત ભારતના ઉત્તરીય પટ્ટામાં તીવ્ર ગરમીના મોજાંની સ્થિતિ માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. જ્યારે પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી અતિશય ગરમીની લહેરોની પણ સંભાવના છે.

હવામાન વિભાગે ચોમાસા અંગે કહ્યું કે, આગામી એક દિવસ દરમિયાન તેલંગાણા અને છત્તીસગઢના કેટલાક વધુ ભાગોમાં દક્ષિણ–પશ્ચિમ ચોમાસું આગળ વધવા સ્થિતિ અનુકુળ છે. જ્યારે આગામી સાત દિવસ દરમિયાન ઉત્તર–પૂર્વ ભારત અને પશ્ચિમ બંગાળમાં ગાજવીજ અને વિજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આવી જ સ્થિતિ બિહાર, ઝારખંડ અને ઓડિશામાં આગામી પાંચ દિવસ દરમિયાન પ્રવર્તે તેવી આગાહી છે.

હવામાન સંસ્થાએ જણાવ્યું કે, આગામી પાંચ દિવસ દરમિયાન વિદર્ભ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને દક્ષિણ ભારતના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ, વિજળી અને તેજ પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડશે.

--------------------

# T20 WORLD CUP CRICKET

ICC પુરૂષ T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં, ભારત આજે સાંજે ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં અમેરિકા સામે ટકરાશે. બંને ટીમોએ તેમની બે-બે મેચ જીતી લીધી છે. જેને કારણે આજનો મૂકબલો રોમાંચક રહે તેવી શક્યતા છે.. ટીમ ઇન્ડિયાએ પાકિસ્તાન અને આયર્લેન્ડ સામે જીત મેળવી હતી, જ્યારે અમેરિકાએ તેમના અગાઉના મુકાબલામાં કેનેડા અને પાકિસ્તાન પર વિજય મેળવ્યો હતો. શ્રેષ્ઠ નેટ રન રેટ સાથે ભારત પોઈન્ટ ટેબલમાં પ્રથમ છે જ્યારે અમેરિકા બીજા ક્રમે છે.

આજે વધુ અન્ય બે મેચો રમાનાર છે. ઑસ્ટ્રેલિયા એન્ટિગુઆના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં નામીબિયા સામે ટકરાશે, ટ્વેન્ટી ટ્વેન્ટી વિશ્વકપમાં નેપાળ અને શ્રીલંકા વચ્ચે રમાનારી ગ્રૂપ ડી ની મેચ ખરાબ હવામાનના કારણે રદ થઇ છે.

# PM-YOGA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસને ધ્યાનમાં રાખીને સામાજિક માધ્યમ એક્સ પર વૃક્ષાસન યોગના ફાયદા સાથેનો એક વીડિયો પોસ્ટ કર્યો છે.

શ્રી મોદીએ કહ્યું કે, વૃક્ષાસન અને વૃક્ષની મુદ્રાના અનેક લાભ છે. આમાં સંતુલન અને મુદ્રામાં સુધારો કરવામાં મદદ મળે છે.